# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા
## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - મે, ૨૦૨૪
### પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) નવું હૃદય : શું તમને સેવા માટે બોજ છે ? અન્ય લોકો ઈસુ ખ્રિસ્તને પોતાના જીવનો સોંપે એ જોવાની ઈચ્છા છે ? જો ના, તો ઈશ્વરને પ્રાર્થના કરો કે તમને નવું હૃદય આપે. (હઝકીએલ ૩૬:૨૬)

(૨) ધ્યાન કેન્દ્રિત : ખ્રિસ્તી વ્યક્તિ તરીકે સફળતાની ચાવી તમારી દૃષ્ટિ ઈસુ પર રહે એ છે અને યાદ રાખો, તેમણે તમારા પરથી તેમની દૃષ્ટિ દૂર નહિ કરે એવું વચન આપ્યુ છે. ઈશ્વરનો આભાર માનો કે તેમણે તમને કદી ન છોડવાનું કે ત્યાગ કરવાનું વચન આપ્યું છે. (૧ કાળવૃત્તાંત ૨૮:૨૦)

(૩) અયોગ્ય : ત્રિએક ઈશ્વરે તમારા અને સર્વ માનવજાત માટે અદ્‌ભુત બાબતો કરી છે જેના માટે આપણે કોઈ યોગ્ય ન હતા. તમને બચાવવા બદલ આજે તેમની સ્તુતિ કરો અને આભાર માનો. (ગી.શા. ૧૦૫:૧,૨)

(૪) સજ્જ : ઈશ્વર તમને તેમના જેવા બનાવવા માગે છે અને દરેક સારા કામ માટે સંપૂર્ણ રીતે સજ્જ કરવા માંગે છે. પ્રાર્થના કરો કે પવિત્ર આત્મા તમને જેવા પુરુષ બનાવવા ઈચ્છે તે અનુસાર આંતરિક રીતે રૂપાંતર કરે. (૨ તિમોથી ૩:૧૬,૧૭)

(૫) ઝઘડા : ''તમારામાં લડાઈ તથા ઝઘડા ક્યાંથી થાય છે ? શું તમારા અવયવોમાંની લડાઈ કરનારી દુર્વાસનાથી નહિ ?'' (યાકૂબ ૪:૧) જ્યાં સુધી આપણાં મન અને હૃદય ઈસુ ખ્રિસ્તને સ્વાધીન કરતા નથી ત્યાં સુધી આપણી પોતાની દૈહિક દુર્વાસનાથી આપણે દોરાઈએ છીએ. ખ્રિસ્તને તમારા આત્માનું સુકાન સંભાળવા દો.

(૬) લડાઈ : ''પછી આકાશમાં લડાઈ જાગી, મિખાએલ તથા તેના દૂતો અજગરની સાથે લડ્યા .... ને તેઓને આકાશમાં ફરી સ્થાન મળ્યું નહિ.'' (પ્રકટીકરણ ૧૨:૭,૮) ભૂંડાઈનો સ્રોત શેતાન છે અને ઈશ્વરના રાજ્યનો તે સખત વિરોધી છે. થોડીવારમાં ઈશ્વર નવું આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કરશે. તેમના પ્રભુત્વને સ્વીકારો અને તમે તેમની સાથે સદાકાળ રાજ કરશો.

(૭) અંતિમ સમયો : ''અને લડાઈઓ તથા લડાઈઓની અફવા તમારા સાંભળવામાં આવશે, ..... પણ તેટલેથી અંત નહિ આવે.'' (માથ્થી ૨૪:૬) આજે આ જગતમાં ૧૧૦ થી વધુ સૈન્યોના સંઘર્ષો ચાલે છે. (RULAC) ઈસુ ખ્રિસ્તે માથ્થી ૨૪માં આ અને બીજી હકીકતો જણાવી છે. તે તો ''દુઃખોની શરૂઆત જ છે.'' પરંતુ તેનાથી અંત નથી. હે પુરુષો, તમારો બચાવ થાય તે માટે તમારા વિશ્વાસમાં દૃઢ રહો.

(૮) ઝોકાં ખાવાં : ''અને વરને આવતાં વાર લાગી એટલામાં તેઓ સર્વ ઝોકાં ખાઈને ઊંઘી ગઈ.'' (માથ્થી ૨૫:૫) મોટાભાગના પુરુષો માટે ધીરજ એ નબળાઈ છે. આપણને કાર્ય કરવું ગમે છે, પરંતુ ખ્રિસ્તનું આગમન આપણા સમય પ્રમાણે થવાનું નથી. તેમના આગમન સુધી કામ કરતા રહેવાનો તેમનો આદેશ છે. પ્રાર્થના કરો કે તમને ઝોકાં ન આવે પણ સાક્ષીરૂપ બનો અને સેવામાં સામેલ થાઓ.

(૯) ધિક્કાર : ''ચોર ચોરી કરવા, મારી નાખવા તથા નાશ કરવા સિવાય આવતો નથી.'' (યોહાન ૧૦:૧૦અ) મોટી કતલ પછીથી વિશ્વએ મધ્યપૂર્વમાં ઘાતક, યહૂદી વિરોધી હુમલા જેવા શેતાની, અમાનવીય ધિક્કારને જોયો નથી. યહૂદીઓનો દ્વેષ શેતાની ધિક્કાર અને ઈશ્વર પ્રત્યેની અદેખાઈ જેટલો જૂનો છે. નિર્દોષ પીડિતો માટે પ્રાર્થના કરો.

(૧૦) અદ્‌ભુત પ્રેમ : ''પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે.'' (રોમન ૫:૮) તેમના અદ્‌ભુત પ્રેમમાં ઈશ્વરે પતિત થયેલ માનવજાતને શેતાનના પંજામાંથી બચાવી છે. તમારા મિત્ર અને પરિવારને સુવાર્તા જણાવો. ઈશ્વરના છુટકારાની યોજનામાંથી કોઈ બાકાત રહેવુ ન જોઈએ.

(૧૧) વણખેડાયેલા : ''તેથી જાઓ અને સર્વ દેશનાઓને શિષ્ય કરો .....'' (માથ્થી ૨૮:૧૯) ૬૦૦૦થી વધુ લોકજૂથો, લગભગ ૩ અબજ લોકોએ સુવાર્તા સાંભળી નથી. મંડળી, દેવની કન્યા માટે પ્રાર્થના કરો કે ઊંઘમાંથી જાગૃત થાય અને તમે ખ્રિસ્તના મહાન આદેશનું પાલન કરનાર પુરુષ બનવા તૈયાર થાઓ.

(૧૨) સંકટ : ''જગતમાં સંકટ છે, પણ હિંમત રાખો, જગતને મેં જીત્યું છે.'' (યોહાન ૧૬:૩૩) તમારા સંકટમાં તમે એકલા નથી. જીવંત રહેવાનો અર્થ મુશ્કેલીઓનો સામનો કરવો. તમે સંતાવાનો પ્રયત્ન કરશો નહિ. ઈશ્વરના વચન પર વિશ્વાસ કરો કે તે તમને એવી રીતે સજ્જ કરે કે તમે તેમના ડહાપણ અને સામર્થ્યથી તમારી સમસ્યાઓનો સામનો કરી શકો.

(૧૩) તકલીફ : ''મારા સંકટમાં મેં યહોવાને વિનંતી કરી અને મારા દેવને અરજ કરી.'' (ગી.શા. ૧૮:૬) કેટલીકવાર ઈશ્વર આપણી પ્રાર્થનાઓના જવાબ આપતા નથી, કારણ કે તે જે કહેવા માંગે છે તેના માટે આપણે તૈયાર નથી. તેથી તેના પર વિશ્વાસ કરવાનું ક્યારેય બંધ ન કરો. તે તમને સાંભળે છે. વિશ્વાસના તમામ મહાન પુરુષોએ તકલીફ અને ભંગિતપણામાં અદ્ભુત મહાનતાને શોધી છે.

(૧૪) વેદના : ''મારો આત્મા સંકટમાં છે તેથી હું બોલીશ.'' (અયૂબ ૭:૧૧) અયૂબ જેવી વેદના બહુ ઓછા લોકો અનુભવે છે, પરંતુ ઈશ્વરે એક હેતુ માટે મંજુરી આપી. ઈશ્વરને અયૂબની પ્રામાણિકતા પર ભરોસો હતો અને તેના દુઃખોને કારણે તે તેમના પરના વિશ્વાસને નકારશે નહિ. ઈશ્વર તમારા પર ભરોસો રાખે એવા પુરુષ બનવા માટે પ્રાર્થના કરો.

(૧૫) ગુસ્સો : ''તેનાથી ભયભીત થાઓ અને પાપ ન કરો. બિછાના પર પોતાના હૃદયમાં વિચાર કરો ને છાના રહો.'' (ગી.શા. ૪:૪) તમે પહેલાં સાંભળ્યુ હશે, તમે બોલતાં પહેલાં વિચારો, ઉગ્ર મિજાજમાં કોઈ કામ કરશો નહિ, પરંતુ ઈશ્વરની સલાહ સંયમ કરતાં વધુ સારી છે તે આપણા છૂપાયેલા હેતુઓને જાહેર કરવા માંગે છે. તેને તમારી રાત્રીમાં શાંતિથી બોલવા દો.

(૧૬) ચિંતા : ''તમારી સર્વ ચિંતા તેના પર નાખો, કેમ કે તે તમારી સંભાળ રાખે છે.'' (૧ પિતર ૫:૭) જો તમે ચિંતાતુર છો, તો તમે જાણો છો કે તમારી ચિંતાને છોડવી કેટલી મુશ્કેલ છે. બાઈબલ આપણને છોડવા માટે આજ્ઞા આપે છે. આપણી ચિંતા ઈશ્વર પર નાંખો. તે તમારા વિશ્વાસ અને ઈચ્છાનો પ્રયત્ન છે. વિશ્વાસ રાખો કે પ્રભુ હંમેશા પોતાનું વચન પૂરું કરે. તેના પર ભરોસો રાખો.

(૧૭) આગળ વધવું : ''કેમકે તારી સહાયથી હું પલટણ ઉપર ધસી પડું છું અને મારા દેવની કૃપાથી હું કોટ કૂદી જાઉં છું.'' (ગી.શા. ૧૮:૨૯) દાઉદ રાજાને વર્ષોથી તેના દુશ્મનો દ્વારા સતાવવામાં આવ્યો હતો અને તેને ત્રાસ આપવામાં આવ્યો હતો અને તે જાણતો હતો કે તે શું વાત કરી રહ્યો છે. ઈશ્વર માટે જીવંત પુરુષ બનવા માટે પણ પ્રાર્થના કરો. તે તમને આજે તમારા પરિવાર અને તમારી દુનિયામાં એક નેતા તરીકે ઉપયોગ કરવા માંગે છે.

(૧૮) શોધો : અદ્ભુત ! આપણે ઈશ્વરને શોધવાનું પસંદ કરી શકીએ છીએ અને તેણે પોતાને મળવા દેવાનું વચન આપ્યું હતું. ''તમે મને શોધશો, ને તમે તમારા ખરા હૃદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ.'' (યર્મિયા ૨૯:૧૩) આવો પ્રાર્થના કરીએ કે આપણું હૃદય હંમેશાં ઈશ્વરની હાજરી શોધવા નમેલું રહે. હે પિતા, તમને શોધવા બદલ આભાર.

(૧૯) ફળ : ઝાડ તેના ફળથી ઓળખાય છે. ખ્રિસ્તી પુરુષોને સારા ફળ આપવા પડકાર આપવામાં આવે છે. કારણ કે આપણે ખરા વેલા ખ્રિસ્ત સાથે જોડાયેલા છીએ. (યોહાન ૧૫:૫) તમારામાં વસનાર ખ્રિસ્તને માટે પ્રાર્થના કરો કે તમારામાં આત્માનાં ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ તથા વિશ્વાસ ઉત્પન્ન થાય.

(૨૦) અલગ : એક બીબામાં માટી મૂકીને ઈંટો બનાવવામાં આવે છે. સૂકાઈ ગયા બાદ બધી એક સમાન હોય છે. જગત આપણને તેની સંસ્કૃતિ અને જીવનશૈલીમાં ઢાળવાનો પ્રયત્ન કરે છે. બાઈબલ આપણને જગતનું રૂપ ન ધરવા પણ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જીવવાનું કહે છે. (રોમન ૧૨:૨) પ્રભુ, અમને તમારાં ધોરણો પ્રમાણે જીવવા માટે સમજણ અને હિંમત આપો.

(૨૧) પૂરવઠો : બેરોજગારીનો સમય અથવા સંસાધનોનો અભાવ પરિવાર માટે મુશ્કેલ સમય લાવી શકે છે. બાઈબલ જણાવે છે કે ''દૃઢ મનવાળાને તું શાંત જ રાખીશ, કારણ કે તેનો ભરોસો તારા પર છે.'' (યશાયા ૨૬:૩) હે ઈશ્વર, અમે કામ અને રોજગારી શોધી રહેલા પુરુષો માટે શાંતિ, દોરવણી અને તમારા પૂરવઠા માટે પ્રાર્થના કરીએ છીએ.

(૨૨) ઉછેર : બાળકો એ ઈશ્વરની ભેટ છે અને તેમનો ઉછેર માતાપિતાની જબરજસ્ત જવાબદારી છે. ''જીભથી ખુશામત કરનારના કરતાં માણસને ઠપકો દેનાર પાછળથી વધારે કૃપા પામશે.'' (નીતિવચનો ૨૮:૨૩) હે ઈશ્વર, તમારા હેતુઓ અનુસાર તેમનાં બાળકોને ઉછેરવામાં માતાપિતાને હિંમત અને દૃઢતા આપો.

(૨૩) નવો કરાર : વ્હાલા ઈશ્વર, હું તમારા નવા કરાર માટે આભારી છું. તમે મારા જૂના દુષ્ટ હૃદયને તમારા પવિત્ર આત્માથી બદલ્યું છે. હવે તમે મને માર્ગદર્શન આપવા માટે મારી પાસે નથી, પરંતુ હવે તમારો આત્મા મારામાં રહે છે. જે મને તમારી ઈચ્છા જાણવા અને તે પ્રમાણે કરવા સક્ષમ બનાવે છે. હું તમારા માર્ગમાં ચાલવા માગું છું. (હિબ્રૂ ૮:૮-૧૦)

(૨૪) ફળદાયી જીવન : હે પ્રભુ ઈસુ, મેં વિચાર્યું કે હું સારું કામ કરી રહ્યો છું. હવે મને સમજાયું કે હું જે શ્રેષ્ઠ કામ કરી શકું છું તે દેહના નિર્જીવ કાર્યો છે. જે જીવનને માટે નકામાં છે. તમે જીવનના સ્રોત છો. તેથી હું તમને મારામાં રહેવા જણાવું છું. તમે મારામાં વસો અને મારા દ્વારા તમારું જીવન જીવો. પ્રભુ, ફળદાયી જીવન માટે તમારો આભાર. (યોહાન ૧૫:૪)

(૨૫) ભક્તિભાવનો મર્મ : હે સર્વશક્તિમાન ઈશ્વર, ભક્તિભાવનો મર્મ એ સૌથી મહાન મર્મોમાંનો એક મર્મ છે. પવિત્ર ઈશ્વર આપણા મનુષ્યત્વમાં વાસ કરે તે કેટલું આશ્ચર્યજનક છે. જ્યારે ઈસુ આપણા માટે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે મર્મ ખોલ્યો. મારા દુષ્ટ સ્વભાવને તમારા દૈવી સ્વભાવથી બદલવામાં આવ્યો. મારામાં વસવા બદલ તમારો આભાર. (કલોસ્સી ૧:૨૬,૨૭)

(૨૬) ઈશ્વર માટે શ્રમ કરવો : હે ઈશ્વર, મેં વિચાર્યું કે મારા સારાં કાર્યો અગત્યનાં છે. હવે મને સમજાયું છે કે ખ્રિસ્તનાં કાર્યો ખરેખર મહત્વનાં છે. કારણ કે તે જ ટકી રહે છે. હે પ્રભુ ઈસુ મને તમારું જીવન આપવા બદલ આભાર. હવે હું તમારા સામર્થ્યમાં પરિશ્રમ કરી શકું છું. કૃપા કરીને મારા થકી તમારા મહાન અને સમર્થ કાર્યોને પૂર્ણ કરો. (કલોસ્સી ૧:૨૯)

(૨૭) ઈશ્વરના કાર્યનો સ્રોત : હે પ્રભુ ઈસુ, તમે સમજાવ્યું કે ઈશ્વર પિતા, જે તમારામાં વસે છે તે તમારાં કાર્યોના એકમાત્ર સ્રોત છે. મેં તમને પ્રાપ્ત કર્યા હોવાથી ઈશ્વરનો આત્મા મારામાં વસે છે. જેમ તમે તમારા પિતા પર સંપૂર્ણ આધારિત હતા તેમ હું મારા જીવનનું નિયંત્રણ તમને સોપું છું. જેથી તમે મારા થકી કાર્ય કરી શકો. (યોહાન ૧૪:૧૦)

(૨૮) અંધત્વ : ‘‘આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યા છે.’’ (૨ કરિંથી ૪:૪) ફક્ત ઈસુ ખ્રિસ્ત અને તેમના વચનમાં વિશ્વાસ રાખવાથી જ વ્યક્તિ ઈશ્વરની ઈચ્છા શું છે તે પારખી શકે છે. ખ્રિસ્ત જગતનો પ્રકાશ છે. સભાનપણે ઈશ્વરને આધીન રહેનાર પુરુષ બનો. તમારા ઈશ્વર સાથે નમ્રતાપૂર્વક ચાલો.

(૨૯) સરકાર : ‘‘દરેકને તેના જે હક હોય તે આપો. જેને કરનો તેને કર, જેને દાણનો તેને દાણ, જેને બીકનો તેને બીક, જેને માનનો તેને માન.’’ (રોમન ૧૩:૭) રોમન ૧૩:૧-૭માં બાઈબલ સરકારનો ઉલ્લેખ કરે છે. જે કાયદાના નિયમનો સારો ઉપયોગ કરે છે. અધિકારીઓ માટે પ્રાર્થના કરો અને સારા નાગરિકની છાપ ઉપસાવે એવા વ્યવહારવાળા પુરુષ બનો.

(૩૦) અંધાપો : ‘‘કેમકે મારા વિચારો તે તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી, એમ યહોવા કહે છે.’’ (યશાયા ૫૫:૮) જ્યારે તમને એવું લાગે કે તમારી સાથે શા માટે આવું બની રહ્યું છે ત્યારે ઈશ્વરના ડહાપણ અને પ્રેમાળ પ્રેરણા પર વિશ્વાસ કરો. તે ઈશ્વર છે અને જેઓ તેને પોકારે છે તેમની નજીક છે અને તે હજી પણ તમને આશ્ચર્યચકિત કરશે.

(૩૧) ચંદ્રક સન્માન : હિંમત, બલિદાન, દેશભક્તિ, નાગરિક્તા, પ્રામાણિકતા અને સમર્પણ દર્શાવનાર વ્યક્તિઓને ઉચ્ચ લશ્કરી માન આપવામાં આવે છે. આજે અનૈતિક્તા અને અધર્મની સુનામી જગતને ખેંચી જઈ રહી છે ત્યારે ઈશ્વર તેમની અને જગતની વચ્ચે આડરૂપ બનીને છીંડામાં ઉભા રહેનાર પુરુષોને શોધી રહ્યા છે. (હઝકીએલ ૨૨:૩૦)

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Spotify : www.radio882.com/spotify-gujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**